અનુસૂચિત જનજાતિની કન્યાઓ
માટે "સાતફેરા સમુહ લગ્ન યોજના"ના
દરોમાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ક્રમાંકઃટીએપી/૧૧૨૦૧૨/ન.બા.૬/ઘ
,સચિવાલય, ગાંધીનગર
તા.૪/૪/૨૦૧૨

વંચાણે લીધાઃ-

(૧) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ(આ.જા.પ્રભાગ)નો ઠરાવ ક્રમાંકઃ ટીએપી/૨૦૯૮/૨૭૩/ઘ તા.૧૨/૫/૧૯૯૮

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ ટીએપી/૧૦૯૯/૮૫૧/ઘ તા.૨૬/૪/૨૦૦૨

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ ટીએપી/૧૦૨૦૧૧/યુઓઆર-૧/ઘ તા.૬/૮/૨૦૧૧

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો પત્ર ક્રમાંકઃ એસસીડી/૧૦૨૦૧૨/૯૨૬૯૦/ગ તા.૨૭/૨/૨૦૧૨

(૫) કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ આવિ/અગન/ન.બા./ ૨૦૧૧-૧૨/૪૭-૨૦૧૨ તા.૭/૨/૨૦૧૨

પ્રસ્તાવનાઃ-

વંચાણે લીધા ક્રમાંકઃ (૧) અને (૨)માં લર્શાવેલ આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવોથી આદિજાતિના પરિવારોને દિકરીના લગ્નના ખર્ચને પહોંચી વળવા માટે સમૂહ લગ્ન પ્રસંગે "સમૂહ લગ્ન પુરસ્કાર યોજના" અમલમાં મુકવામાં આવેલ છે. જે હવે "સાત ફેરા સમૂહ લગ્ન" તરીકે ઓળખાય છે.

વંચાણે લીધા ક્રમાંકઃ (૧)થી સમૂહ લગ્નમાં જોડાનાર યુગલને સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ની નર્મદા શ્રીનીધિ બાંધી મુદતની થાપણ યોજના હેઠળ રૂ.૫૦૦૦/- કન્યાના નામની રસીદ પ્રોત્સાહક પુરસ્કાર તરીકે આપવામાં આવે છે. તથા આયોજક સંસ્થાને યુગલ દીઠ રૂ. ૧૦૦૦/- ની રોકડ સહાય તથા પ્રશસ્તિ પત્ર આપવામાં આવે છે.

આ યોજનામાં વંચાણે લીધા ક્રમાંકઃ (૩)થી અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ.૨૫,૦૦૦/- નક્કી કરેલ છે. જ્યારે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધા ક્રમાંકઃ (૪) મુજબ તમામ વિભાગોની ગરીબ કુટુંબો માટેની યોજનાઓમાં એક સૂત્રતા જળવાય અને વહીવટી સુગમતા રહે તે હેતુથી સરકારશ્રીએ લીધેલ નિર્ણય અનુસાર પ્રસ્તુત યોજનામાં લાભાર્થીના માતા પિતાની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૨૦,૦૦૦/-ના બદલે રૂ.૨૭૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ.૨૫,૦૦૦/- ના બદલે રૂ.૩૬૦૦૦/- તથા સહાય રૂ. ૫,૦૦૦/- ના બદલે રૂ.૧૦,૦૦૦/- હજાર કરવાની વર્ષ ૨૦૧૨-

૧૩ માટે ૧૦.૦૦લાખની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંકઃ (૫)થી કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ દ્વારા રજુ કરવામાં આવી હતી.

ઠરાવઃ-

આમુખમાં દર્શાવેલ વિગતોએ સરકારશ્રીએ પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૧૨-૧૩ના અંદાપત્રમાં સમાવવામાં આવેલ રૂ.૧૦.૦૦લાખની નવી બાબતને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૧. અનુસૂચિત જનજાતિના લોકોને લગ્ન પ્રસંગે "સાત ફેરા સમૂહ લગ્ન" યોજના હેઠળ યોજાનાર સમૂહ લગ્નમાં જોડાનાર યુગલને રૂ.૧૦,૦૦૦/- અને આયોજક સંસ્થાને યુગલ દીઠ રૂ. ૨,૦૦૦/- વધુમાં વધુ રૂ.૫૦,૦૦૦/- ની મર્યાદામાં આપવામાં આવશે.

૨. આ યોજનામાં લાભાર્થીની આવક મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૨૭૦૦૦/- અને શહેરી વિસ્તારમાં રૂ.૩૬૦૦૦/- રહેશે.

૩. આ યોજનામાં સુધારેલ જોગવાઇ મુજબનો ખર્ચ તા.૧/૪/૨૦૧૨થી કરવાનો રહેશે.

૪. આ યોજનાનો ખર્ચ આ હેતુ માટે કરવામાં આવેલ વર્ષ ૨૦૧૨-૧૩ના વર્ષની અંદાજપત્રીય જોગવાઇમાંથી અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને કરવાનો રહેશે.

૫. જે હેતુ માટે અંદાજપત્રમાં જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે. અને વર્ષ આખરે રહેતી બચત રકમ સરન્ડર કરવાની રહેશે.

૬. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૭. આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૬/૪/૨૦૦૨ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

૮. આ યોજનાના લાભાર્થીઓની યાદી નિભાવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૧૨-૧૩ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંકઃ ૯૩, મુખ્ય સદર ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટાસદર ૦૨ અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર ૮૦૦ અન્ય ખર્ચ, ૦૮ બી.સી.કે. ૨૦૮-સી સાત ફેરા સમૂહ લગ્નમાં યોજના હેઠળ થયેલ જોગવાઇ માંથી ઉધારવો.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૨૯/૩/૨૦૧૨ની નોંધથી મળેલ સંમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પી.એલ.ભાભોર)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. સંસદીય સચિવશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય ચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.વિ.વિ., સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી,(ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી,નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી, (આ.વિ.) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર,
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત અદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ(મારફત કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ, ગાંધીનગર)
- સર્વે તકેદારી અધિકારીશ્રીઓ(મારફત કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ, ગાંધીનગર)
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓ(મારફત કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ, ગાંધીનગર)
- સર્વે આશ્રમશાળા અધિકારીશ્રીઓ, (મારફત કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસ, ગાંધીનગર)
- બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ
- સિલેક્ટ ફાઇલ